

## વડીલોને વંદન અભિનંદન



બળદેવભાઈ મગનલાલ દવે
(૧૯૩૦) મો. ૯૭૧૨૬૫૦૭૦૫



રમેશચંદ્ર મંગુલાલ મહેતા
(૧૯૪૬) ફોન: ૨૩૨૪૩૯૫૮



ઈન્દ્રવદન ચંદુલાલ પંડ્યા
(૧૯૫૧) મો. ૯૯૨૪૧૧૫૨૫૪



અર્જુનસિંહ પી.વાઘેલા
(૧૯૫૧) મો. ૯૮૭૯૬૧૯૧૫૧

# ડુંગળીના ભાવો ગગડ્યા : જથ્થાબંધમાં અઢી રૂ. કીલો

## પુરવઠામાં સતત વધારો અને ડિમાન્ડ ઘટવાથી ડુંગળીના ભાવો એકદમ તળીયે બેસી ગયા

ગાંધીનગર, તા. ૭

છ-સાત મહિનાઓ પહેલાનું અખબાર હાથમાં આવી જાય તો ડુંગળીના ભાવો આસમાને..., ડુંગળીએ સૌને રડાવ્યા... જેવા હેડીંગ વાંચવા મળી શકે છે. પરંતુ હવે આવા હેડીંગ પર હસવુ આવે છે. કારણ કે ડુંગળીના ભાવો ૧૦૦ રૂ. થી ગગડીને અઢી-ત્રણ રૂપિયા સુધી આવી ગયા છે.



ડુંગળીના ભાવો આસમાનેથી ગગડીને હવે નવુ તળીયુ શોધી રહ્યાં છે. મોટાભાગના યાર્ડમાં ડુંગળીના ભાવ ૨૦ કિલોના રૂ. ૫૦ સુધી નીચામાં નીચા થઈ ગયા છે. ગોંડલ-જેતપુર જેવા યાર્ડમાં તો ભાવ ઘટીને કિલોના રૂ. ૨ થી ૨.૫૦ થી ગયા છે. નાસિકમાં પણ ડુંગળીના ભાવ રૂ. ૪.૭૦ જેટલા નીચા બોલાઈ રહ્યા છે. જાણકારો કહી રહ્યા છે કે ડુંગળીના ભાવો હજુ નીચા આવી શકે છે. સમગ્ર દેશમાં ડુંગળીની ભારે આવકો થતા તેના ભાવોમાં ૧૫ ટકા સુધીનો ઘટાડો જોવા મળી શકે છે. ડુંગળીના ભાવ ઘટવા છતાં નિકાસ બજાર પણ ખેડૂતોને બચાવી શકે તેમ નથી. હાલમાં જ સાઉદી અરેબિયાનો નવો પાક બજારમાં આવ્યો છે. આથી ભારતીય ડુંગળીની નિકાસ વધે તેમ નથી. નાફેડના જણાવ્યા અનુસાર ડુંગળીના ભાવની સ્થિતિ અત્યાર કરતા એપ્રિલમાં વધુ ખરાબ હશે. સમગ્ર દેશમાં ડુંગળીનું ઉત્પાદન ખુબ વધ્યુ છે. બમ્પર પાક થયો છે. માર્કેટયાર્ડોમાં હજારો મણ ડુંગળી રોજ ઠલવાઈ રહી છે. ડુંગળીનો પુરવઠો સતત વધી રહ્યો છે. જેની સામે ડીમાન્ડ સાવ ઘટી જતાં ડુંગળીના ભાવો રોજ નવુ તળીયુ દેખાડી રહ્યા છે.



ગુજરાતે હંમેશા દેશને મહાપુરૂષો અને મહાન વિચારોની ક્રાન્તિકારી ભેટ આપી છે. ગુજરાતે ગાંધી અને સરદાર પણ આપ્યા. ગુજરાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી ના નિમિત્તે આખા દેશને, દેશના ૭ લાખ ગામડાઓને જોડવાનું પણ એક નવતર -કારનું અભિયાન હાથ ધર્યું છે. દેશના ૭ લાખ ગામોના કિસાનોને - ધરતીપુત્રોને લોહપુરૂષની -તિમા સાથે જોડવા માટે તેમની પાસે લોહદાન માટે અપીલ કરવામાં આવી હતી. દેશભરમાંથી આ રીતે લોકો પાસે પડેલું નકામું લોખંડ એકત્ર કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે ગામેગામથી લોંખડનો ટુકડો એકત્રિ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત ૪ નગરપાલિકા, ૩૪૮ ગામોમાંથી અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ૫૪ સ્થળોથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે લોખંડનો ટુકડો એકત્રિ કરવામાં આવ્યા હતા. આજે સેકટર- ૨૧ ખાતેથી લોહદાનની ૪૦૨ કિટ્સ ભરેલી ટ્રકને ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ લીલી ઝંડી આપીને વડોદરા જવા રવાના કરી હતી. આ -સંગે ગાંધીનગર -ાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદી સહિત નગરના અનેક અગ્રણીઓ ઉપસથિત રહયાં હતાં.

# રાજેન્દ્રકુમારને ૧૦મીએ ચાર્જશીટની નકલ મળશે

## પૂર્વ આઈબી વડા રાજેન્દ્રકુમારના વકીલ દ્વારા સીબીઆઈ તરફથી રજુ ચાર્જશીટની નકલ મેળવવાની અરજી કરાઈ

અમદાવાદ, તા.૭

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા તાજેતરમાં દાખલ કરવામાં આવેલી પૂરક ચાર્જશીટમાં આઈબીના ચાર અધિકારીઓ સામે આરોપો ધડવામાં આવ્યા છે. જેમાં મુખ્ય છે સેન્ટ્રલ આઈબીના ભૂતપૂર્વ વડા અને આતંકવાદીઓ હુમલા કરવા આવવા હોવાનો ખોટો એલર્ટ આપનાર રાજેન્દ્રકુમારના વકીલ એસવી રાજુએ સીબીઆઈ દ્વારા દાખલ પૂરક ચાર્જશીટની નકલ મેળવવા અરજી કરી હતી જેમાં સીબીઆઈ કોર્ટે જણાવ્યું હતું કે પૂરક ચાર્જશીટનું વેરિફિકેશન બાકી છે. તેથી હવે આગામી ૧૦મી ફેબ્રુઆરીના રોજ પૂરક ચાર્જશીટની નકલ આપવામાં આવશે.

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં તપાસ એજન્સી સીબીઆઈએ આઈબીના ચાર અધિકારીઓ રાજેન્દ્રકુમાર, રાજીવ વાનખેડે, ટી મિત્તલ અને એમકે સિંહા સામે આરોપો ઘડી પૂરક ચાર્જશીટ રજુ કરી હતી. સીબીઆઈએ સેન્ટ્રલ આઈબીના ભૂતપૂર્વ વડા અને આતંકવાદી હુમલા કરવા આવવા હોવાનો ખોટો એલર્ટ જારી કરનાર રાજેન્દ્રકુમારને ખાસ આરોપી દર્શાવવામાં આવ્યો છે. આ ચારેય અધિકારીઓએ અતિઆધુનિક હથિયારો એન્કાઉન્ટર કરવા અર્થે ગુજરાત પોલીસને આપ્યા હતા. સીબીઆઈએ પૂરક ચાર્જશીટ કરી આઈબીના ચાર અધિકારીઓ સામે કેસ મજબૂત કર્યા છે. ભૂતપૂર્વ આઈબી વડા રાજેન્દ્રકુમારને પણ પૂરક ચાર્જશીટમાં આરોપી દર્શાવવામાં આવતા તેમના એડવોકેટ એસવી રાજુ સીબીઆઈ કોર્ટમાં પૂરક ચાર્જશીટની નકલ મેળવવા માટે હાજર રહ્યા હતા પણ સીબીઆઈ કોર્ટે તેમને જણાવ્યું હતું કે પૂરક ચાર્જશીટનું વેરિફિકેશન બાકી હોવાથી નકલ આગામી ૧૦મી ફેબ્રુઆરીના રોજ મળશે. તેથી રાજેન્દ્રકુમારના એડવોકેટને આજરોજ કોર્ટમાંથી પૂરક ચાર્જશીટની નકલ લીધા વિના પરત ફરવું પડ્યું હતું.

## અમદાવાદ જિલ્લામાંથી શક્તિરથનું પ્રસ્થાન

અમદાવાદ, તા. ૭

યાત્રાધામ અંબાજીમાં આગામી તા. ૧૧, ૧૨, ૧૩-૨-૨૦૧૪ના રોજ ૫૧ શક્તિપીઠ પ્રાણ પ્રતિષ્ઠા થનાર છે. આ સંદર્ભે અંબાજી ટ્રસ્ટ દ્વારા શક્તિરથ લોકોની જાણકારી માટે દરેક જિલ્લામાં પરિભ્રમણ કરી રહ્યો છે જેના ભાગરૂપે આજે અમદાવાદ ખાતે 'શક્તિરથ'નું કલેક્ટર કચેરી, અમદાવાદ ખાતે આગમન થતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ શક્તિરથને કલેક્ટરશ્રી રૂપવંતસિંહે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી અરવિંદભાઈ પટેલ, કિશોરભાઈ ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# મૂર્તિ વગરના મંદિરના બાબા કી કહાની

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈ-વે નં. ૮ને અડીને આવેલ હાજીપુરા મહાકાળી માતાનું મંદિર આવેલું છે. અને તે મંદિરનો વહીવટ મહાત્મા નામથી જાણીતા મહંત પોર્ટી ચલાવે છે. જ્યારે મંદિરની અંદર વર્ષો પછી પણ મૂર્તિની સ્થાપના કરવામાં આવી નથી અને મંદિરની જગ્યા ઉપર ગૌશાળા પણ ચલાવવામાં આવે છે. આ મૂર્તિ વગરના મંદિરનો ઈતિહાસ પણ રસપ્રદ છે.

આ મહાત્મા બાબાની કહાની એવી છે કે ઈ.સ. ૧૯૭૧માં હાજીપુરા પાસે વિશાળ બાવળનું જંગલ હતું, પરંતુ ગામથી ત્રણેક કિ.મી. દૂર જંગલમાં કોઈ પણ પ્રવેશ નહતુ કરતું ત્યારે આ ઘનઘોર



જંગલમાં એક મહાત્મા આવ્યા હતા અને લીમડાના વૃક્ષ નીચે રહેવાનું ચાલુ કર્યું હતું. થોડા સમય પછી આ મહાત્માએ એક નાની ડેરી બનાવડાવી હતી અને સમય જતા ગામના લોકો પણ આ નાની ડેરી ઉપર એકલ દોકલ આવતા થયા અને માંગેલી માનતા-બાધાઓ પણ તેમની પૂર્ણ થવા માંડી આમ તે મહાત્માનું નામ પણ પ્રચલિત થતુ ગયુ. નાની ડેરીની પાસે જ એક વાઘાની આસપાસ દારૂ વેચનારનો એક દારૂનો અડ્ડો પણ આવેલો જ્યાં મોટી સંખ્યામાં દારૂડીયાની અવર-જવર પણ વધુ હતી. આથી મહાત્માએ દારૂની આ બદીને દૂર કરવા જંગે ચઢ્યા અને એક સાથે દારૂના અડ્ડા અને દારૂ બનાવનાર લોકોને જગા છોડાવી દીધી હતી. બાદમાં ગ્રામજનોની



મદદથી નાની ડેરીમાંથી ધીમે ધીમે મોટુ મંદિર બની ગયું પણ આજદિન સુધીમાં મંદિરમાં માત્ર ફોટા સિવાય કંઈ નથી અને તેમ છતાં ભક્તિથી પૂજા થાય છે. વર્ષોથી તેની અંદર મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી જ નથી તેમ છતાં આજદિન સુધી મંદિરની પૂજા અર્ચના પણ મહંત કરે છે. દરમિયાન ચોમાસામાં મંદિરની પાસે આવેલા વાઘામાં એક વાછરડી તણાઈ આવી હતી ત્યારે મહાત્માએ એક હાથે ખેંચીને બહાર કાઢી અને તેની સેવાચાકરી કરી મોટી કરી હતી. એક વાછરડીમાંથી હાલ ૨૨૫ ગાયો છે. અધાપી રીતે સંપૂર્ણ સુવિધા સાથે કોઈનો પણ એક પૈસો લીધા વગર અહી ગૌશાળા મહાત્મા ચલાવે છે. અહીં એક પણ ગાય કે બળદ વેચવામાં આવતી નથી પરંતુ કોઈ ખેડૂત સારો લાગે તો તેને મફત ખેતી માટે બળદની જોડી મહાત્મા ભેટ આપે છે. મહાત્માની આ સેવાકીય પ્રવૃત્તિ અનોખી છે.



ખેડબ્રહ્મા શહેરમાં વાસણા રોડ પર આવેલ સોસાયટીમાં રોડ નં. ૭ પર રસ્તાની વચ્ચે બે વિજ થાંભલા આવેલ છે. જેના કારણે રહીશોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. આ રોડ પરનો અંદરની સાઈ વિલા, હિરા ગંગા અને જલારામ સોસાયટીના રહીશો ઉપયોગ કરે છે. કોઈ મોટું સાધન લઈ અંદર જવું હોય તેને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ થાંભલાના કારણે રાત્રિના સમયે અનેક લોકો ટકરાઈ જવાના બનાવો બનેલ છે. આ વિજ પોલ હટાવવા માટે રહીશો દ્વારા વારંવાર વિજ કંપનીમાં રજુઆત કરવા છતાં કોઈ નકકર પરિણામ મળતું નથી. સત્વરે વિજ કંપની આ વિજ પોલ હટાવી લે તેવી લોકોની માંગી છે. (તસવીર : રમેશ વૈષ્ણવ)

## પાલનપુર કોલેજમાં વક્તૃત્વ તાલીમ શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૭

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા વક્તૃત્વ તાલીમ શિબિર તા. ૩૦ અને ૩૧મી જાન્યુઆરી દરમ્યાન પાલનપુરની બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજ ખાતે યોજાઈ હતી. આ વક્તૃત્વ સ્પર્ધામાં જાણીતા કવિ મુસાફિર પાલનપુરીની ગઝલોનો રસાસ્વાદ પણ શિબિરાર્થીઓએ માણ્યો હતો.


વક્તૃત્વ તાલીમ શિબિરમાં બનાસકાંઠા ડિસ્ટ્રીકટ કેળવણી મંડળના પ્રમુખ શિરીષ મોદી ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમ્યાન વક્તૃત્વના વિવિધ પાસાઓને સમજાવવા પ્રો. અશ્વિન કારિઆ, પ્રો. સંજય રાજા, પ્રો.એ.ટી. સિંધી, નાગેષ જોષી, નસીમબેન પઠાણ અને મુસાફિર પાલનપુરીના વ્યક્તવ્યો યોજાયા હતા. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# પંચાયત સેવા જિલ્લા પંચાયત સેવા સમિતિની સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઉમેદવારો જોગ

અમદાવાદ, તા. ૭

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ/જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના કાર્યક્ષેત્રે હેઠળની પંચાયત સેવાની નાયબ ચીટનીશ, અધિક મદદનીશ ઈજનેર, મુખ્ય સેવિકા, કમ્પાઉન્ડર, સ્ટાફ નર્સ, લેબોરેટરી ટેકનીશીયન, જુનીયર ક્લાર્ક, તલાટી કમ મંત્રી, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (વર્ગ-૩૦ સંવર્ગની સીધી ભરતી માટે બોર્ડ/ સમિતિ દ્વારા તા. ૧૫-૨-૨૦૧૪થી તા. ૨૩-૨-૨૦૧૪ દરમિયાન જુદી જુદી તારીખે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓ યોજવામાં આવનાર છે. જેથી ઉમેદવારોને લાંચ રૂશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવું. બોર્ડ/જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના પદાધિકારી/ અધિકારી/ કર્મચારીને નામે જો કોઈ નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણાં ઉઘરાવતાં હોય તો તેવા ઈસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઈ અસામાજિક પ્રવૃત્તિ/ છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રૂશ્વત બ્યુરોના ટોલ ફ્રી નંબર - ૧૮૦૦-૨૩૩-૪૪૪૪૫ પર સંપર્ક કરવા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સચિવશ્રી એન.એલ. પુંજારાની યાદીમાં જણાવાયું છે.

## શબ્દાવલી - ૫૩૦૭



### આડી ચાવી

૧. આકાશ (૪)
૪. ચંપલ, જુત્તા, ખડાઉ (૩)
૬. કેન્સલ, બાતલ (૨)
૭. ખાદ્યતેલની એક જાત (૪)
૯. મીઠું, સબરસ (૩)
૧૨. કુવાવાળુ, ખેતર (૨)
૧૩. ભગવાનની આરતી પછી.... મળે (૪)
૧૬. વાડ, પાળી (૨)
૧૮. આદર સાથે (૩)
૧૯. વાળ, જટીયા (૨)
૨૦. નેતૃત્ત્વ (૫)
૨૧. આપરૂ, પ્રતિષ્ઠા (૨)

### ઊભી ચાવી

૧. સોંસરવું (૪)
૨. આઘાત, દુઃખ (૩)
૩. ચક્ષુ, આંખો (૩)
૪. ઝાંઝર, છડા (૩)
૫. હેતુ, ઉદ્દેશ, જરૂર (૩)
૮. કડવા સ્વાદવાળુ ઝાડ (૩)
૧૦. સાવન, મેહ (૪)
૧૧. ક્રોધ, ગુસ્સો (૨)
૧૨. કેશ, મોવાળા (૨)
૧૪. રસવાળી (ધરતી) (૩)
૧૫. ચોકીદાર, ગેટકીપર (૪)
૧૬. બેંચ, પક્ષ (૩)
૧૭. હિન્દુઓમાં પવિત્ર ગણાતો છોડ (૩)
૧૯. બારણુ, દ્વાર (૨)

### શબ્દાવલી ૫૩૦૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) સસરા (૪) સાફસુફી (૮) રગશિયુ (૧૦) ઇતર (૧૧) ગાડી (૧૨) રિચ (૧૩) કોકો (૧૫) શિયાળ (૧૬) શાખા (૧૭) વરણાગી (૧૯) હેમ (૨૦) વેલણ (૨૧) તાકડા (૨૧) તાડકા (૨૩) દડી (૨૪) હા (૨૫) જીગર

**ઊભી ચાવી :-** (૧) સરગવો (૨) સગડી (૩) રાશિ (૫) ફઇ (૬) સુતકી (૭) ફીરકો (૯) યુરિયા (૧૩) ચળવળ (૧૫) શિખામણ (૧૬) શાહેલડી (૧૮) ગીતકાર (૨૦) વેદ (૨૧) તાજી (૨૨) ડગ

## પાણીના પ્રશ્ને રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બને છે. ધોળાકૂવા ગામમાં રહેતી કેટલીક ઝુંપડા વસાહતની બહેનોએ આજે પાણીના મામલે પાટનગર યોજના ભવનમાં રજૂઆત કરી હતી. મહીલાઓએ વસાહતમાં પાણીનું જોડાણ આપવાની માંગણી કરી હતી. આગામી ઉનાળા પૂર્વે પાણીનું જોડાણ આપી ઝુંપડાની મહીલાઓને પાણી પુરૂ પાડવા પણ તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આખરે હોબાળો મચાવતી મહીલાઓની રજૂઆત સાંભળી તંત્રએ સાંત્વના આપી હતી.

## ચોરીનો ભેદ ઉકેલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ગુનામાં સીસીટીવી કેમેરામાં આરોપી કેદ થઈ ગયેલો હતો તેને આધારે એલસીબીએ તપાસ આરંભી હતી. દરમ્યાન એલસીબી પીએસઆઈ એચ.કે. સોલંકી, હે.કો. રાજેન્દ્રસિંહ, મનુજી, કિરણસિંહ, પો.કો. કેતનકુમાર, જયવિરસિંહ, રાકેશકુમાર, વિપુલભાઈ અને સંદિપસિંહ સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળતા સે. ૨૯ કિશાનનગર પ્લોટ નં. ૨૦૩/૨ના બીજા માળે ભાડે રહેતા મુળ નેપાળના શખ્સ મોહન દિલીપ રઘુવીર ખત્રીને ઝડપી પાડ્યો હતો. તેના ઘરેથી મોબાઈલ, લેપટોપ તથા ટેબલેટ ભરેલા બે થેલા મળી આવતા તેની ધરપકડ કરી રૂ. ૭,૭૪,૨૪૭ની કિંમતનો તમામ મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પુછતાછમાં તેણે ડ્રીમ ઈલેક્ટ્રોનીક્સનું શટર ગ્રાઈન્ડરથી કાપીને ચોરી કરી હોવાની કબુલાત કરી લીધી છે.

ચોંકાવનારી બાબત તો એ છે કે આટલી મોટી મત્તાની ચોરી કરવા પાછળનું કારણ શૉ રૂમમાં એકવાર તેનું માન ઘવાયું હોવાનું જાણવા મળ્યું છે. દોઢ માસ પહેલા નેપાળી યુવાન આ શૉ રૂમમાં મોબાઈલ ખરીદવા ગયો ત્યારે શૉ રૂમના માલિકે તેને કહી દીધુ હતુ કે 'મોબાઈલ ખરીદવાની તારી હેસીયત નથી', આમ કહીને કાઢી મુકતા તેને લાગી આવ્યું હતું અને શૉ રૂમને નુકશાન પહોંચાડવાનું મનોમન નક્કી કરી લઈ ૩૧મી જાન્યુઆરીની રાત્રે સમગ્ર ગુનાને અંજામ આપ્યો હોવાનું પકડાયેલો આરોપી નિવેદન આપી રહ્યો છે. એલસીબીએ ચોરાયેલો તમામ મુદ્દામાલ રીકવર કરી સે. ૭ પોલીસને આરોપીએ સોંપી દીધો છે.

## ચાર માળ બંધાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોર્ટ બિલ્ડીંગને ૭ માળનું બનાવવા આયોજન થઈ રહ્યું છે. વધુ ચાર માળ બાંધવા માટે અંદાજિત રૂ. ૧૫ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે. જો કે આ કામગીરી માટે લીગલ વિભાગ તરફથી યોગ્ય ગ્રાન્ટની જોગવાઈ થાય ત્યારબાદ જ આગળની કાર્યવાહી હાથ ધરાશે. કોર્ટ બિલ્ડીંગ નજીક સ્થિત એમ.એસ. બિલ્ડીંગની પેટર્ન મુજબ જ નવુ બાંધકામ હાથ ધરવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે.

## સમાજરત્ન એવોર્ડ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધ્યાપન કાર્ય કરી વિદ્યાર્થીઓમાં ખુબ લોકપ્રિયતા મેળવી હતી. વિદ્યાર્થીઓમાં તેઓ 'માયાળુ મા' તરીકે ઓળખાય છે. વિપરીત સંજોગોમાં કુદરત સામે પુરી હિંમત અને સ્વસ્થતાપૂર્વક લડી સિદ્ધિના સોપાન સર કરનાર વીણાબેન 'નારીશક્તિ'નું પ્રતિક છે. બહુમુખી પ્રતિભા ધરાવતા વીણાબેન વોરા ખુબ સારા ઉદ્‌ઘોષિકા છે. વાયબ્રન્ટ ગુજરાત જેવા પ્રસંગે તેઓએ સતત ૧૧ દિવસ સુધી ઉદ્‌ઘોષિકાનું કાર્ય સફળતાપૂર્વક કરી સૌની વાહવાહ મેળવી હતી. ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેઓને 'બેસ્ટ ટીચર'નો એવોર્ડ અર્પણ કરાયો હતો. પર્યાવરણ પ્રેમી વીણાબેન બાળકો સાથે અનેકવાર ટ્રેકીંગ કેમ્પમાં જોડાયા છે અને વોલન્ટીયર તરીકે સેવા આપે છે. નિવૃત્તિ બાદ પણ તેઓ અનેક પ્રવૃત્તિઓમાં અને સંસ્થાઓમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે.

## સરકાર પ્રતિબદ્ધ છે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાગરીક કોઈ સંપ્રદાય, જાતિ કે કોમનો હોય તેની શક્તિ પ્રમાણે પોતાની પ્રગતિ સાથે વિકાસમાં યોગદાન આપે. વિકાસના માર્ગ ઉપર તેજીથી આગળ વધારવાનો આ જ માર્ગ છે એમ તેમણે ઉમેર્યું હતું.

એ જ રીતે ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરીંગ સેકટરમાં પણ મુસ્લીમ સમુદાયોના સશક્તિકરણ માટે આ સરકારે ટેક્ષટાઈલ પોલીસીમાં નવા પ્રયોગો કર્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતની પરંપરાગત ટ્રેડર સ્ટેટની ઓળખ હવે મેન્યુફેક્ચરીંગ સ્ટેટની બની રહી છે અને ટેકનોલોજી તથા વેલ્યુ એડિશનથી ગુજરાત વૈશ્વિક બજારોમાં પોતાની બ્રાન્ડ ઈમેજ ઉભી કરે એવું આહવાન તેમણે કર્યું હતું. ગુજરાત સહિત ભારતના રેડીમેડ ગારમેન્ટ ઉદ્યોગમાં ચીન અને બાંગ્લાદેશ કરતા આગળ વધવાની ક્ષમતા છે અને ગુજરાત સરકારે તેની ન્યુ ટેક્ષટાઈલ પોલીસી અને ફાઈવ-એફ ફોર્મ્યુલાથી કોટન ઉત્પાદક રેડીમેડ ગારમેન્ટ ઉદ્યોગમાં નિકાસકાર બની શકે છે તેની રૂપરેખા મુખ્યમંત્રીએ આપી હતી. પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતાં અગ્રણી ઝુબેરભાઈએ ઉમ્મત બિઝનેસ કોન્કલેવનો હેતુ સમજાવ્યો હતો. આ બિઝનેસ કોન્કલેવમાં વ્યાપાર-ઉદ્યોગ જગતના મુસ્લીમ અગ્રણીઓએ ભાગ લીધો હતો.

**કમિશનરશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ, ગાંધીનગર**
**જાહેર નિવિદા નં.૧/૨૦૧૩-૧૪ (ઈ-ટેન્ડરીંગ)**

કમિશનરશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ, બ્લોક નં. ૧,૨/૭, ઉદ્યોગ ભવન, ગાંધીનગરની તેમજ તાબા હેઠળની વિવિધ જીલ્લાઓમાં કાર્યરત કચેરીઓ માટે ભાડાના વાહનો પૂરા પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. વધુ માહિતી માટે http://www.nprocure.com જોવા વિનંતી. ટેન્ડર ઓનલાઈન સબમીશન માટે http://www.nprocure.com જોવા વિનંતી.
(૧) ડાઉનોલડ ઓફ ટેન્ડર ડોક્યુમેન્ટ (શરૂની તારીખ) ૧૦/૨/૨૦૧૪, ૧૪.૦૦ કલાકથી
(૨) ઓનલાઈન સબમીશન ઓફ ટેન્ડર (આખરી તારીખ) ૪/૩/૨૦૧૪, ૧૫.૦૦ કલાક સુધી
(૩) સબમીશન ઓફ ઈ.એમ.ડી. ટેન્ડર ફી અધર ડોક્યુમેન્ટ તા. ૪/૩/૨૦૧૪ ૧૬.૦૦ કલાક સુધી
(૪) ઓનલાઈન ઓપનીંગ ઓફ પ્રી-ક્વોલીફીકેશન કમ ટેકનીકલ બીડ ઓન તા. ૫/૩/૨૦૧૪ ૧૬.૩૦ કલાક સુધી
ઓન લાઈન ટેન્ડર પદ્ધતિ અનુસાર ખોલવામાં આવશે.
માહિતી/૨૪૭૪/૧૩-૧૪

**હિસાબી અધિકારી**
**જિલ્લા પંચાયત ગાંધીનગર**
**જાહેર નિવિદા નં. ૩ / ૨૦૧૩-૧૪**

હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત ગાંધીનગર-૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૭૫) હસ્તકના બીનઉપયોગી કુલ-૧ વાહન (૧) એમ્બેસેડર પેટ્રોલ કાર (વાહન નં. જીયુડી-૦૯૨૩) જે તે સ્થળે જે તે સ્થિતિમાં ટેન્ડર કમ જાહેર હરાજીથી વેચાણ કરવાનું છે. રસ ધરાવતા ઈસમોએ તા. ૧૫/૨/૨૦૧૪ સુધીમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ગાંધીનગર ખાતે રૂ. ૩૦૦/- ચલનથી જમા કરાવી ચલનની નકલ રજૂ કરેથી ટેન્ડર ફોર્મ મેળવી શકાશે. ટેન્ડર કોપીમાં ભાવો ભરી તા. ૨૧/૨/૨૦૧૪ સુધીમાં રજી. પો.એ.ડી.થી બંધ કવરમાં બાનાની રકમ સાથે કચેરી સમય સુધીમાં અત્રેની કચેરીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. આ અંગેની વધુ માહિતી હો શરતો કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તેમજ કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીએ રૂબરૂ સંપર્ક સાધવાનો રહેશે.

સહી/-
હિસાબી અધિકારી
જિલ્લા પંચાયત, ગાંધીનગર
માહિતી/૨૪૭૬/૧૩-૧૪